NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**ઇ-ગવર્નન્સ, પેટ્રોલ-ડીઝલ બચત તથા ઝડપી વહીવટી કાર્યપદ્ધતિના હેતુસર હિસાબ નિયામકશ્રીની કચેરી, તિજોરી શાખા તથા આઈટી વિભાગ સાથેના પત્ર વ્યવહારો ફક્ત ઈમેલ મારફત કરવા બાબત.**

આથી સંબંધિત સર્વેને જણાવવાનું કે, સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિઓ તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા પેટ્રોલ, ડીઝલ તથા ફોરેન એક્સચેન્જના બચતપૂર્ણ અને કરકસરયુક્ત ઉપયોગ બાબતે ગુજરાત સરકાર સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/2970/T તા.૧૯/૦૫/૨૦૨૬ તેમજ Navsari Agricultural University ના પરિપત્ર જા.નં. નકૃયુ/રજી/એડીએમ.૩.૨/ઇંધણ બચત/૩૧૪૧-૧૯૦/૨૦૨૬, નવસારી, તા.૧૯/૦૫/૨૦૨૬ દ્વારા જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સૂચનાઓને ધ્યાને લઈ ઇ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવા, વહીવટી પ્રક્રિયાઓને વધુ ઝડપી, પારદર્શક અને કાગળરહિત બનાવવા તેમજ પેટ્રોલ-ડીઝલ તથા અન્ય ખર્ચમાં કરકસર લાવવા હેતુસર અત્રેની કચેરી દ્વારા કરવામાં આવતા તથા અત્રેની કચેરીએ કરવાના થતા તમામ પ્રકારના પત્ર વ્યવહારો હાર્ડ કોપી સ્વરૂપે કરવાનું/સ્વીકારવાનું બંધ કરવામાં આવે છે. સદર પરિપત્ર પ્રસિદ્ધ થયેથી Navsari Agricultural University ની તમામ કચેરીઓ/વિભાગો/યુનિટો તરફથી હિસાબ નિયામકશ્રીની કચેરી, તિજોરી શાખા તથા આઈટી વિભાગ સાથેના તમામ પત્ર વ્યવહારો ફક્ત ઈમેલ મારફત સોફ્ટ/સ્કેન કોપી સ્વરૂપે નીચે મુજબના અધિકૃત ઈમેલ સરનામા ઉપર મોકલાવવા વિનંતી છે.

- હિસાબ નિયામકશ્રીની કચેરી : comptroller@nau.in
- તિજોરી શાખા : adm@nau.in
- આઈટી વિભાગ : itcell@nau.in

વધુમાં, અત્રેની કચેરી/શાખા તરફથી પણ યુનિવર્સિટીની અન્ય કોઈપણ કચેરી/વિભાગને કરવાના થતા પત્ર વ્યવહારો ફક્ત ઈમેલ મારફત જ સોફ્ટ/સ્કેન કોપી સ્વરૂપે મોકલવામાં આવશે. ફક્ત ઉપરોક્ત અધિકૃત ઈમેલ આઈ.ડી. ઉપરથી મોકલવામાં આવેલ ઈમેલ તથા સમયાંતરે URP સોફ્ટવેર દ્વારા (@nau.in અને @naumail.in domain only) મોકલવામાં આવતા ઓટો-મેઈલ જ માન્ય ગણવાના રહેશે.

અત્રેની કચેરી/શાખા સાથે કરવાના થતા ઈમેલ પત્ર વ્યવહારો માત્ર યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તથા વિભાગીય વડાશ્રીઓના અધિકૃત ઓફિસીયલ ઈમેલ એકાઉન્ટ (@nau.in domain only) ઉપરથી કરવામાં આવશે તો જ માન્ય રાખવામાં આવશે. કોઈપણ કચેરીના ટેબલ મુજબ ફાળવેલ અથવા બનાવવામાં આવેલ અન્ય ઈમેલ એકાઉન્ટ ઉપરથી સીધો પત્ર વ્યવહાર કરવો નહીં.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**ઉપરોક્ત કાર્યપદ્ધતિ અમલમાં મુકવાથી નીચે મુજબના લાભો પ્રાપ્ત થશે:**

- ઇ-ગવર્નન્સ અને પેપરલેસ વહીવટને પ્રોત્સાહન મળશે.
- પત્ર વ્યવહારોમાં ઝડપ, પારદર્શિતા અને ટ્રેકિંગ સુવિધામાં વધારો થશે.
- કાગળ, પ્રિન્ટિંગ, ટપાલ તથા વાહન વ્યવહારના ખર્ચમાં ઘટાડો થશે.
- પેટ્રોલ-ડીઝલના વપરાશમાં ઘટાડો થવાથી સરકારશ્રીની કરકસરની નીતિનું અસરકારક પાલન થશે.
- પત્ર વ્યવહારના ડિજિટલ રેકોર્ડ ઉપલબ્ધ રહેતા વહીવટી કાર્યક્ષમતા તથા ઓડિટ સુવિધામાં સરળતા રહેશે.
- યુનિવર્સિટીના વિવિધ કચેરીઓ/વિભાગો વચ્ચે ઝડપી સંકલન અને સમયસર કાર્યવાહી સુનિશ્ચિત થશે.

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૪૪૭/૨૦૨૬**
**નવસારી, તા. ૨૨/૦૫/૨૦૨૬**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના:-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના:-**

**(૧)** અત્રેની તિજોરી શાખા તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૨)** અત્રેના આઈટી વિભાગ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.